ફેક્સ નંબર-0288-2555585
Toll Free ( Gujarat ) 1800 233 7324
ફોન નંબર:- 0288-2555853

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008
Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

નં.૪/પરીક્ષા/2019-20/૯૩

તા.09-07-2019
16

## -:: પરિપત્ર ::-

વિષય :- ટેમ્પો ટ્રાવેલર 14 શીટર્સ / ટાટા 407 14 શીટર્સ / સમાન શીટર્સ ના ભાવ આપવા બાબત.

આથી રસ ધરાવનાર ટ્રાવેલર્સ પાર્ટીઓ પાસેથી ઉપરોક્ત વિષયમાં દર્શાવેલ વિગતે વાહનના ભાવ નીચેની શરતોને આધિન મંગાવવામાં આવે છે. આ ભાવ કુલસચિવશ્રી, પરીક્ષા શાખા, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, ચાણક્ય ભવન, જામનગરને **તારીખ 25-07-2019 ના સાંજે 4-00 કલાક સુધીમાં રૂબરૂમાં અથવા રજી.એ.ડી. થી મળી જાય** તે રીતે મોકલવાના રહેશે. ત્યાર બાદ આવેલ ભાવો પર કોઈ જ કાર્યવાહી કરવામાં આવશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી.

આ ભાવો લેટર હેડ પર ટાઈપ કરી અથવા સુવાચ્ય અક્ષરોમાં હોવા જરૂરી છે તેમજ બંધ કવરમાં સેલોટેપ દ્વારા સીલ કરી કવર પર **"ટેમ્પો ટ્રાવેલર / ટાટા 407 / સમાન શીટર્સના ભાવ"** તેમ દર્શાવી ઉપરોક્ત સરનામે મોકલવાના રહેશે સીલ બંધ કવર પર પાર્ટીનું નામ તેમજ સરનામું પીનકોડ સહીત પુરૂ હોવું જરૂરી છે.

આવેલ ભાવો સ્વીકારવા કે કેમ તેમજ નેગોશીએશન કરવાના અબાધીત હક્ક યુનિવર્સિટી પાસે રહેશે. આ ભાવો મંગાવવા અંગેની ઓફર આ યુનિવર્સિટીની વેબસાઈટ www.ayurveduniversity.edu.in પર પણ ઉપલબ્ધ છે.

## શરતો

1) ટેમ્પો ટ્રાવેલર 14 શીટર્સ / ટાટા 407 14 શીટર્સ / સમાન શીટર્સ AC તેમજ Non-AC ના ભાવ પ્રતિ કિલોમીટર દીઠ આપવાના છે.
2) પ્રવાસના સમય દરમ્યાન કુલ ડીઝલ ખર્ચની રકમ પાર્ટીએ ડ્રાઈવરને સોંપી આપવાની રહેશે આ દરમ્યાન કોઈપણ રકમ યુનિવર્સિટીના કર્મચારી/અધિકારી ભોગવશે નહી.
3) ટોલ ટેક્સની રકમ યુનિવર્સિટી ભોગવશે પરંતુ પ્રવાસ દરમ્યાન તેની ચુકવણી પાર્ટીએ કરવાની રહેશે જે બીલમાં ઉમેરીને બીલ બનાવવાનું રહેશે.
4) ભાવભરવાની પાર્ટી રજીસ્ટર્ડ હોવી જોઈએ અને તેની બાહેંધરી પાર્ટીએ આપવાની રહેશે.
5) પાર્ટીને જો GST લાગુ પડતો હોય તો તેનો નંબર દર્શાવવાનો રહેશે અને જો ન હોયતો આ અંગેનું પ્રમાણપત્ર પાર્ટીએ ભાવની સાથેજ આપવાનું રહેશે.
6) પ્રવાસ દરમ્યાન ડ્રાઈવર અંગેનો નાસ્તો /ચા-પાણી તેમજ રહેવા અને જમવાનો ખર્ચ પાર્ટીએ ભોગવવાનો રહેશે.

...2...

ફેક્સ નંબર-0288-2555585
Toll Free ( Gujarat ) 1800 233 7324

ફોન નંબર:- 0288-2555853

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008
Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in



7) પ્રવાસ દરમ્યાન વાહન જો બંધ પડી જાય અને આગળના પ્રવાસ માટે યોગ્ય ન હોય તો વધુમાં વધુ 4 કલાકની અંદર બીજા વાહનની વ્યવસ્થા પાર્ટીએ કરવાની રહેશે. અન્યથા આ અંગે યુનિવર્સિટી દ્વારા બીજા વાહનની વ્યવસ્થા કરવામા આવશે તો તે અંગેના ખર્ચની રકમ પાર્ટીએ ભોગવવાની રહેશે.

8) વાહન અંગેના તમામ માન્ય સમય માર્યાદાના કાગળો દસ્તાવેજો જેમ કે ડ્રાઈવરનું લાયસન્સ પી.યુ.સી. વીમો આર.સી. બુક વગેરે પ્રવાસ દરમ્યાન સાથે રાખવાના રહેશે.

9) પ્રવાસ દરમ્યાન પાર્ટીએ અનુભવિ તેમજ જવાબદારીવાળા ડ્રાઈવરને ફાળવવાના રહેશે અને પ્રવાસમાં જોડાયેલ યુનિવર્સિટીના કર્મચારી / અધિકારીની સુચનાનું પાલન કરવાનું રહેશે.

10) પાર્ટીએ ન્યુનતમ (મીનીમન) કિલોમીટર દર્શાવવાના રહેશે. તેમજ નાઈટ ચાર્જ દર્શાવવાનો રહેશે કોઈપણ વધારાના કલાકનો ચાર્જ ચુકવવામાં આવશે નહી.

આભાર સહ,

(ડો. એ. કે. જાડેજા)
નાયબ કુલસચિવ

પ્રતિ,

__________

__________

__________

__________